



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૭૧ | ૨૨ મે, ૨૦૨૧, શનિવાર; વૈશાખ સુદ - ૧૦ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦


## રાજ્યમાં સ્નાતક કક્ષાના તમામ અભ્યાક્રમોમાં મેરિટ બેઈઝ્ડ પ્રોગ્રેશન

### યુનિવર્સિટી-કોલેજોમાં અભ્યાસ કરતાં બીજા, ચોથા તેમજ છઠ્ઠા સેમીસ્ટરના વિદ્યાર્થીઓનો થશે સમાવેશ

ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકે રાજ્યની સરકારી અને ખાનગી યુનિવર્સિટી-કોલેજોમાં ઉચ્ચશિક્ષણ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીએ વિશ્વવ્યાપી મહામારી કોરોનાના પ્રવર્તમાન સંક્રમણમાં રાજ્યના યુવા વિદ્યાર્થીઓને સુરક્ષિત રાખવાના સ્વાસ્થ્ય રક્ષા ભાવ સાથે નિર્ણય કર્યો છે કે રાજ્યની સરકારી અને ખાનગી યુનિવર્સિટી-કોલેજોમાં સ્નાતક કક્ષાના મેડીકલ-પેરામેડિકલ સિવાયના તમામ અભ્યાસક્રમો માટે ઈન્ટરમિડીયેટ સેમિસ્ટરના વિદ્યાર્થીઓને મેરિટ બેઈઝડ પ્રોગ્રેશન અપાશે.

શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીના આ નિર્ણયની વિગતો આપતાં જણાવ્યું કે રાજ્ય સરકારે આ વર્ષે કોવિડ-૧૯ કોરોના સંક્રમણની વ્યાપક પરિસ્થિતીમાં શાળા-કોલેજોમાં શિક્ષણકાર્યને પડેલી અસરને ધ્યાનમાં લઈને આ મેરિટ બેઈઝડ પ્રોગ્રેશન માત્ર આ વર્ષ પૂરતું આપવાનો નિર્ણય કર્યો છે.

તેમણે કહ્યું કે રાજ્ય સરકારે કરેલા આ મેરિટ બેઈઝડ પ્રોગ્રેશનના નિર્ણયનો લાભ સરકારી અને ખાનગી યુનિવર્સિટી તથા કોલેજોના મેડીકલ-પેરામેડીકલ સિવાયના તમામ અભ્યાસક્રમો માટે ઈન્ટરમિડીયેટ સેમેસ્ટર ૨, ૪ અને જ્યાં સેમેસ્ટર ૬ પણ ઈન્ટરમિડીયેટ હોય તેવા વિદ્યાર્થીઓને મળશે.

આવા વિદ્યાર્થીઓની કુલ સંખ્યા અંદાજે ૯.૫૦ લાખ જેટલી થવા જાય છે એમ તેમણે ઉમેર્યુ હતું.

ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સ્પષ્ટ કર્યુ કે જો યુનિવર્સિટી-કોલેજો દ્વારા પ્રાયોગિક પરીક્ષા લેવામાં નહિં આવી હોય તો ત્યાં ૫૦ ટકા ગુણ આંતરિક મુલ્યાંકનના આધારે અને બાકીના ૫૦ ટકા ગુણ તુરતના અગાઉના પ્રિવીયસ સેમિસ્ટરના આધારે ગણાશે.

જે કિસ્સાઓમાં પ્રાયોગિક પરીક્ષા લેવાઈ હશે તેવા કિસ્સામાં પરીક્ષામાં મેળવેલ ખરેખર ગુણ ધ્યાને લેવાશે એમ પણ તેમણે જણાવ્યું હતું.

## સરકારને વેક્સિનેશન સર્ટિફિકેટ શેર કરી ૫૦૦૦ના ઈનામની તક

નવી દિલ્હી, તા. ૨૧

દેશમાં કોરોનાના હાહાકાર વચ્ચે કોરોના વેક્સીનેશન અભિયાનમાં તેજી લાવવા માટે સરકારે હવે નવા પ્રકારની યોજના શરુ કરી છે. સોશિયલ મીડિયા થકી તો લોકોને અપીલ કરવામાં આવી જ રહી છે પણ તેની સાથે સાથે એક સ્પર્ધા પણ પણ સરકારે શરુ કરી છે. કેન્દ્ર સરકારે જાહેરાત કરી છે કે તેમાં જીતનારા વ્યક્તિને ૫૦૦૦ રુપિયાનુ ઈનામ આપવામાં આવશે. આમ તો સરકારે એપ્રિલમાં જ આ કોન્ટેસ્ટ શરુ કરી હતી પણ તેના પર બહુ ઓછા લોકોનુ ધ્યાન ગયુ હોવાથી તેને ફરી એક વખત પ્રમોટ કરવામાં આવી રહી છે. આ સ્પર્ધામાં રસી મુકાવનારા લોકો ભાગ લઈ શકશે. રસી લેનારે પોતાનુ વેક્સિનેશન સર્ટિફિકેટ શરકાર સાથે શેર કરવાનુ રહેશે તથા જે જાણકારી માંગી હશે તે આપવાની રહેશે.એ પછી સરકાર દ્વારા દર મહિને ૧૦ સ્પર્ધકોની પસંદગી કરવામાં આવશે. આવા દરેક વ્યક્તિને ૫૦૦૦ રુપિયાનુ ઈનામન અપાશે.



માયગવર્મેન્ટ ઈન્ડિયાના ટ્વિટર એકાઉન્ટ પર આ અંગે જાણકારી આપવામાં આવી છે.

દેશમાં કોરોનાના સંક્રમણ વચ્ચે જોકે બીજી લહેરનો પ્રભાવ ઓછો થઈ રહ્યો છે પણ ત્રીજી લહેર આવી શકે છે તેવી આગાહી નિષ્ણાતો કરી રહ્યા છે. આવા સંજોગોમાં મહત્તમ લોકો વેકસીન લે તે જરુરી છે.

## કોવેક્સિનની સરખામણીએ કોવિશિલ્ડ વધુ અસરકારક

નવી દિલ્હી, તા. ૨૧

કોરોના મહામારી વિરુદ્ધ વેક્સિને મોટા હથિયાર તરીકે જોવામાં આવે છે. ભારતમાં ૧૮ વર્ષથી મોટી ઉંમરના લોકોને સરકારે રસી આપવાનું શરૂ કરી દીધું છે. દેશમાં અત્યારે બે રસી ઉપલબ્ધ છે. ભારત બાયોટેકે કોવેક્સિન અને સિરમ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયાની કોવિશિલ્ડ. દરમિયાન લોકોમાં સૌથી વધારે ચર્ચાનો વિષય એ છે કે આ બંનેમાંથી સૌથી વધુ કારગર રસી કંઈ છે.

આ મતમતાંરને લઈને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ(આઈસીએમઆર)ના ડીજી ડૉ.બલરામ ભાર્ગવે મહત્વનું નિવેદન આપ્યું છે. આઈસીએમઆરના પ્રમુખ ડો. બલરામ ભાર્ગવે કોવેક્સિન અને કોવિશિલ્ડ દ્વારા બનતા એન્ટિબોડીને લઈ ચોંકાવનારો દાવો કર્યો છે. તેમણે કહ્યું કે, કોવિશિલ્ડના પહેલા ડોઝ લીધા બાદ કોવેક્સિના પહેલા ડોઝની સરખામણીએ વધુ એન્ટિબોડી બને છે. એક રિપોર્ટ મુજબ, ડો. બલરામ ભાર્ગવે કહ્યું, 'નવા અભ્યાસમાં સામે આવ્યું છે કે કોવેક્સિનની પહેલા ડોઝ લીધા પછી એન્ટિબોડી બનતી નથી, પરંતુ બીજી ડોઝ લીધા પછી પર્યાપ્ત એન્ટિબોડી મળે છે. ત્યાં જ કોવિશિલ્ડની પહેલી ડોઝ લીધા પછી જ સારી સંખ્યામાં એન્ટિબોડી બની જાય છે.

કોવિશિલ્ડના બે ડોઝ વચ્ચે સમય વધારી ૧૨-૧૮ અઠવાડિયાનો કરવામાં આવ્યો છે. પહેલા ડોઝથી લીધા બાદ એન્ટિબોડી વધુ જોવા મળે છે. બીજી તરફ કોવેક્સિનના બે ડોઝ વચ્ચેના અંતરમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

## દેશમાં પોઝિટિવિટી રેટમાં આખરે ઘટાડો

### બીજી લહેર નબળી પડી રહી હોવાના સંકેત મળ્યા : પોઝિટિવિટી રેટમાં ઘટાડો થાય તે સારી નિશાની છે, પરંતુ આમ આગામી કેટલાક અઠવાડિયા સુધી થતું રહે તો નવા કેસ પર કાબૂ મેળવી શકાય છે



નવી દિલ્હી,તા.૨૧

ભારતમાં કોરોના વાયરસની બીજી લહેર વધુ નબળી પડી રહી હોવાના સંકેત મળી રહ્યા છે. આ અઠવાડિયે દેશમાં પોઝિટિવિટી રેટ ઘટ્યો હોય તેવા જિલ્લાઓની સંખ્યામાં વધારો થયો છે. પોઝિટિવિટી રેટ એટલે ૧૦૦ કોરોનાના ટેસ્ટ સામે પોઝિટિવ આવે તે દર્દીઓની સંખ્યા થાય છે. જોકે, હજુ પણ કેટલાક રાજ્યોમાં પોઝિટિવિટી રેટ ચિંતાનું કારણ બનેલો છે. ભારતમાં બીજી લહેર ઘટવાના સંકેત નવા કેસમાં ઘટાડા સાથે જોવા મળી રહ્યા છે જોકે, કેટલાક જિલ્લાઓમાં વધી રહેલા કેસ અને પોઝિટિવિટી રેટ ૨૨%પર પહોંચતા ચિંતાનું કારણ બની રહ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે પશ્ચિમ બંગાળ, કર્ણાટકા, કેરળ અને આંધ્રપ્રદેશનો સમાવેશ થાય છે, અહીં પોઝિટિવિટી રેટ ૧૫% કરતા ઊંચો છે. પોઝિટિવિટી રેટમાં ઘટાડો થાય તે સારી નિશાની છે, પરંતુ આમ આગામી કેટલાક અઠવાડિયા સુધી થતું રહે તો નવા કેસ પર કાબૂ મેળવી શકાય છે. ડેઈલી પોઝિટિવિટી રેટ ઘટીને ૧૩.૪% પર પહોંચ્યો હતો, આ દરમિયાન દેશમાં એક જ દિવસમાં કોરોનાની તપાસ માટે ૨૦.૫ લાખ સેમ્પલ લેવામાં આવ્યા હતા. આ સાથે પાછલા બે અઠવાડિયાથી દેશમાં પોઝિટિવિટી રેટમાં સતત ઘટાડો થઈ રહ્યો છે, એપ્રિલ ૨૯થી ૫ મે દરમિયાન પોઝિટિવિટી રેટ ૨૧.૫% હતો જે ઘટીને પાછલા અઠવાડિયે (૧૩-૧૯ મે) ૧૫.૨% થયો છે.

## બ્લેક ફંગસથી ચિંતા વધી, દવાનું ઉત્પાદન વધારાયુ

### કોરોનાની બીજી લહેર વચ્ચે ત્રીજી લહેરનો ખતરો : આવનારા સમયમાં વાયરસ વધારે મ્યુટેશન થશે તો બાળકોને પ્રભાવિત થવાની કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીની ચેતવણી

નવી દિલ્હી, તા. ૨૧

કોરોના વાયરસની હાલ ભારતમાં બીજી લહેર ચાલી રહી છે, આવામાં ત્રીજી લહેરનો ખતરા અંગેની અગાહી કરવામાં આવી રહી છે. જેની વચ્ચે બ્લેક ફંગશનો ખતરો ઉભો થયો છે, જેના પર કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધને પણ ચિંતા વ્યક્ત કરી છે. હર્ષવર્ધને કહ્યું કે બ્લેક ફંગસના જે કેસ સામે આવ્યા છે તેનાથી ચિંતા વધી છે. તેમણે કહ્યું કે દવાઓનું પ્રોડક્શન વધારવામાં આવ્યું છે, સાથે જ રાજ્યોને પણ બીમારી અંગે સૂચના આપવામાં આવી છે.

કોરોનાની ત્રીજી લહેર પર ડૉ. હર્ષવર્ધને જણાવ્યું કે, એ વાતની ચર્ચા છે કે આવશે.. નહીં આવે.. ક્યારે આવશે.. તેના વિશે વિશ્વાસ સાથે કોઈ કશું કહી શકે તેમ નથી. એ વાતની ચર્ચા જરુર છે કે આવનારા સમયમાં વાયરસ વધારે મ્યુટેશન થશે તો બાળકોને પ્રભાવિત કરી શકે છે. માટે જરુરી છે કે બાળકોને ધ્યાનમાં રાખીને ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવે. આજે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોરોના વાયરસની હાલની સ્થિતિ અને વેક્સીનેશન પર ૯ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના સ્વાસ્થ્ય મંત્રીઓ સાથે બેઠક કરી હતી.

ડૉક્ટર હર્ષવર્ધને એ બાબત પર ધ્યાન આપ્યું કે, આપણે રસીકરણ વધારવાની જરુર છે. આપણી પાસે જે પણ ડોઝ ઉપલબ્ધ છે, તેને જલદીમાં જલદી લોકો સુધી પહોંચાડવાના છે. આવનારા સમયમાં દેશમાં રસીના પ્રોડક્શનમાં ઘણો વધારો થશે.

## પંજાબના મોગામાં ભારતીય વાયુસેનાનું મિગ-૨૧ ક્રેશ થયું

ચંદીગઢ,તા.૨૧

મોગાના કસ્બા બાઘાપુરાનાના ગામ લંગિયાના ખુર્દની પાસે ભારતીય વાયુસેનાનું ફાઈટર જેટ મિગ-૨૧ દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું છે. મળતી જાણકારી મુજબ ટ્રેનિંગ દરમિયાન પાઈલટ અભિનવે મિગ-૨૧થી રાજસ્થાનના સૂરતગઢથી હલવારા અને હલવારાથી સૂરતગઢ માટે ઉડાન ભરી હતી. આ દરમિયાન બાઘાપુરાના પાસે તેમનું ફાઈટર જેટ ક્રેશ થઈ ગયું. મળતા અહેવાલો મુજબ આ ક્રેશમાં પાઈલટ અભિનવ ચૌધરીનું મોત થયું છે. મળતી જાણકારી મુજબ, પાઈલટ અભિનવે ટ્રેનિંગ દરમિયાન ફાઈટર જેટ મિગ-૨૧થી ઉડાન ભરી હતી. અભિનવ મિગ-૨૧થી રાજસ્થાનના સૂરતગઢથી હલવારા તરફ રવાના થયા હતા.

## રિઝર્વ બેંક ૯૯૧૨૨ કરોડની સરપ્લસ રકમ કેન્દ્રને ફાળવી

નવી દિલ્હી, તા. ૨૧

રિઝર્વ બેક ઓફ ઈન્ડિયાની સેન્ટ્રલ બોર્ડની બેઠકમાં મોટો નિર્ણય લેવાયો છે. જે અનુસાર રિઝર્વ બેક્ક પાસેની ૯૯૧૨૨ કરોડની સરપ્લસ રકમ કેન્દ્ર સરકારને આપવાના પ્રસ્તાવને મંજૂરી અપાઈ છે.

જેનો અર્થ એ થયો કે, બેક્ક તરફથી સરકારને ૯૯૧૨૨ કરોડ રુપિયા મળશે. આ રકમ જુલાઈ ૨૦૨૦ થી માર્ચ ૨૦૨૧ વચ્ચેની રિઝર્વ બેક્કની સરપ્લસ એમાઉન્ટ છે. જાણકારોના કહેવા પ્રમાણે રિઝર્વ બેક્કની કમાણીનો મુખ્ય હિસ્સો સરકારી બોન્ડ, ગોલ્ડમાં કરેલુ રોકાણ તથા વિદેશી માર્કેટમાં વિદેશી મુદ્રાના તથા બોન્ડના ટ્રેડિંગમાંથી આવતો હોય છે.

રિઝર્વ બેક્ક પાસે આ વખતે રેકોર્ડ સરપ્લસ હતુ. કારણકે રિઝર્વ બેક્ક ગયા વર્ષે ગોલ્ડ અને વિદેશી માર્કેટમાં એક્ટિવ હતી. બેક્કને ડોલરના વેચાણમાંથી ખાસો પ્રોફિટ થયો છે. ઉપરાંત રેકોર્ડ સંખ્યામાં બોન્ડનુ પણ ટ્રેડિંગ કર્યુ હતુ. તેમાંથી બેક્કને ખાસો એવો નફો થયો છે. રિઝર્વ બેક્કે પોતાની આવક પર કોઈ પ્રકારનો ઈનકમ ટેક્સ ચુકવવો પડતો નથી. એટલે પોતાની જરુરિયાતો પૂરી કરવા સિવાય અને જરુરી રોકાણ તેમજ બીજી નાણકીય સગવડ બાદ જે વધારાની રકમ બચે છે તે સરપ્લસ ફંડ તરીકે ઓળખાય છે. આ રકમ તેણે સરકારને આપવાની હોય છે.

ગયા વર્ષે આરબીઆઈના ખર્ચનો મોટો હિસ્સો ૧૪૨૦૦ કરોડ રુપિયા હતો. જે તેણે કન્ટીજન્સી ફંડમાંથી વાપર્યો હતો.

## પ્રધાનમંત્રી મોદી કોરોનાના મૃતકોને યાદ કરીને ભાવુક બન્યા

### વડાપ્રધાને કાશીના ડોક્ટર્સ સાથે વાત કરી : ડોક્ટરો, ફ્રન્ટલાઈન વર્કર્સ સાથે વીડિયો કોન્ફરન્સ વખતે તેમનો આભાર માનતા મોદી આંસુ રોકી શક્યા નહોતા

નવી દિલ્હી, તા. ૨૧

પીએમ મોદી શુક્રવારે કાશીના ડૉક્ટરો સાથે વાત કરતાં કોરોનાથી મોતને ભેટેલા લોકોને યાદ કરીને રડી પડ્યા હતા. ડૉક્ટરો, ફ્રંટલાઈન વર્કર્સ સાથે વિડીયો કોન્ફરન્સ વખતે તેમનો આભાર માનતા પીએમ પોતાના આંસુ નહોતા રોકી શક્યા. તેમણે જણાવ્યું હતું કે કાશીના સેવક તરીકે હું કાશીના દરેક નાગરિકો અને



ખાસ કરીને ડૉક્ટરો, નર્સ, ટેકનિશિયન, વોર્ડ બોય તેમજ એમ્બ્યુલન્સ ડ્રાઈવરોનો કોરોના સામેની લડાઈમાં તેમના પ્રદાન બદલ આભાર વ્યક્ત કરું છું.

પીએમ આજે પોતાના મતક્ષેત્ર વારાણસીના મેડિકલ સ્ટાફ તેમજ હેલ્થ વર્કર્સ સાથે વાત કરી રહ્યા હતા. તેમણે કોવિડ અને નોન કોવિડ હોસ્પિટલોની કામગીરીનો રિવ્યૂ પણ કર્યો હતો.

## ચિપકો આંદોલનના પ્રણેતા સુંદરલાલનું કોરોનાથી નિધન

ઋષિકેશ, તા. ૨૧

સુપ્રસિદ્ધ પર્યાવરણવાદી અને ચિપકો આંદોલનના પ્રણેતા સુંદરલાલ બહુગુણાએ ઋષિકેશની એઈમ્સમાં શુક્રવારના રોજ અંતિમ શ્વાસ લીધા. ઉલ્લેખનીય છે કે તેમને ડાયાબિટિસની બીમારી હતી અને તેમને કોરોના પણ થયો હતો. તેમની ઉંમર ૯૪ વર્ષ હતી.

થોડા સમય પહેલા જ મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગત સિંહ કોશ્યારીએ ફોન પર તેમના સ્વાસ્થ્યને લગતી જાણકારી મેળવી હતી. કોરોના સંક્રમિત થયા પછી ૮મી મેના રોજ સુંદર લાલ બહુગુણાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ગુરુવારના રોજ ડોકટરોની ટીમે ઈલેક્ટ્રોલાઈટ્સ અને લીવર ફંક્શન ટેસ્ટ સહિત બ્લડ શુગરની તપાસ તેમજ યોગ્ય દેખરેખની સલાહ આપી હતી.

હિમાચલના રક્ષક સુંદરલાલ બહુગુણાની સૌથી મોટી ઉપલબ્ધિ ચિપકો આંદોલન હતું. તે ગાંધીજીના પાક્કા અનુયાયી હતા અને તેમના જીવનનું એકમાત્ર લક્ષ્ય પર્યાવરણની સુરક્ષા હતું.






## ગૌતમ અદાણી એશિયાના બીજા સૌથી ધનિક બન્યા : પ્રથમ સ્થાને મુકેશ અંબાણી

નવી દિલ્હી,તા.૨૧

એશિયાના સૌથી ધનિક ઉદ્યોગપતિઓની યાદીમાં બે ગુજરાતીઓનો દબદબો છે. ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ આ યાદીમાં બીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે. ઉલ્લેખનીય છે કે એશિયાના સૌથી ધનિક લોકોની યોદીમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના મુકેશ અંબાણી ટોચના ક્રમાંકે છે. બ્લૂમબર્ગના વૈશ્વિક અબજોપતિઓની યાદીની વાત કરીએ તો તેમાં મુકેશ અંબાણી ૧૩મા જ્યારે ગૌતમ અદાણી ૧૪મા સ્થાને છે.



બ્લૂમબર્ગ બિલિયોનર ઈન્ડેક્સના અહેવાલ અનુસાર પોર્ટથી લઈને એફએમસીજી સહિતના ક્ષેત્રોમાં વ્યવસાય ધરાવતા ગૌતમ અદાણીએ ચીનના અબજોપતિ બિઝનેસમેન ઝોન્ગ શાનશાનને પાછળ કરીને આ સ્થાન મેળવ્યું છે. આ ઈન્ડેક્સ પ્રમાણે અદાણી ગ્રૂપના અધ્યક્ષ ગૌતમ અદાણીની કુલ સંપત્તિ ૬૬.૫ અબજ ડોલર નોંધાઈ છે, જ્યારે ઝોન્ગ શાનશાનની સંપત્તિ ૬૩.૬ અબજ ડોલર નોંધાઈ હતી.